# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

*<u>નિવૃત્તીના સમયે સમારંભનું આયોજન ન કરવા બાબત..</u>*

### પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને સૂચના આપવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ યુનિવર્સિટી સેવામાંથી સ્વૈચ્છિક નિવૃતી, રાજીનામાંથી તેમજ વય નિવૃત્તીથી નિવૃત્ત થતાં હોય છે આવા કર્મચારીઓ નિવૃતી બાદ તેઓના સ્ટાફ મિત્રો તેમજ કુંટુબ સાથે તેઓની કચેરી ખાતે સ્વ.ખર્ચે સ્વરૂચિ ભોજન સમારંભનું આયોજન કરતા હોય છે. પરંતુ ઘણાં કર્મચારીઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં એકબીજાની દેખા–દેખી તેમજ એક યા બીજા કારણોસર ના છુટકે આવા સમારંભનું આયોજન કરવાની ફરજ પડે છે.

આ અંગે જણાવવાનું કે, યુનિવર્સિટીની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ સ્વૈચ્છિક નિવૃતી, રાજીનામુ તેમજ વય નિવૃત્તીથી નિવૃત્ત થતા હોય ત્યારે યુનિવર્સિટી કેમ્પસ ખાતે આ પ્રકારના સમારંભનું આયોજન ન કરવા આથી સૂચના આપવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

**નં.આકૃયુ/રજિ/સંકલન/ ૧૮૬૦/૨૦૧૯**
**તા૧૮/૦૩/૨૦૧૯**

**<u>નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.</u>**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ.,આણંદ તરફ જાણ સારૂ.
૨. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા તમામ કર્મચારીઓને વંચાણે લાવી અમલ થવા સારૂ.
૩. નિયામકશ્રી, આઇ.ટી.વિભાગ, આ.કૃ.યુ.,આણંદ તરફ વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**<u>નકલ રવાના:</u>**

૧. કુલસચિવના અંગત મદદનીશશ્રી, આ.કૃ.યુ.,આણંદ
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.